# રોજગાર અને તાલીમ નિયામકની કચેરી

બ્લોક નં.૧ બીજો માળ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર – ૩૮૨ ૦૧૦, ગુજરાત રાજ્ય.

## જીસીવીટી એફીલીએશન મેળવવા માટેની પ્રક્રિયા – ૨૦૨૦

રોજગાર અને તાલીમ, ગાંધીનગરના નિયંત્રણ હેઠળ કારીગર તાલીમ યોજના હેઠળ સ્વનિર્ભર ધોરણે જીસીવીટી પેટર્નના વ્યવસાયો શરૂ કરવા મંજુરી આપવામાં આવે છે.

જે અન્વયે ઓગષ્ટ-૨૦૨૦ ના પ્રવેશ સત્રથી જીસીવીટીનું એફીલીએશન મેળવવા માટે જે ટ્રસ્ટ /સોસાયટી/પબ્લીક લીમીટેડ કંપની વગેરેએ જીસીવીટી પેટર્નનાં વ્યવસાયોનું એફીલીએશન મેળવવા માંગતા હોય તેઓએ હયાત અથવા નવી સ્વનિર્ભર સંસ્થાને જીસીવીટી પેટર્નના સ્વનિર્ભર અભ્યાસક્રમોના એફીલીએશન મેળવવા માટે નિયત નમુના ફોર્મમાં જરૂરી તમામ માહિતી ભરી તમામ આધાર પુરાવા સાથે રૂ.૫૨૦૦/- જીસીવીટીમાં ઓનલાઇન ભરી તેની રસીદ અરજી સાથે રજુ કરવાની રહેશે. **અરજી સ્વીકારવાની અંતિમ તારીખ ૩૧/૧૨/૨૦૧૯ ના રોજ સાંજે ૪-૦૦ કલાક છે**. મુદ્દત વિત્યા બાદ કોઇ પણ અરજી સ્વીકારવામાં આવશે નહી. જીસીવીટી એફીલીએશન મેળવવા માટેની જરૂરી માર્ગદર્શક સુચનાઓ, ફોર્મ તથા જીસીવીટી વ્યવસાયોની યાદી અત્રેની કચેરીની વેબસાઇટ http://talimrojgar.gujarat.gov.in પર મુકવામાં આવેલ છે. જીસીવીટી એફીલીએશન અંગેની સંપૂર્ણ કામગીરી ૩૦/૦૬/૨૦૨૦ સુધીમાં પૂર્ણ થઇ હશે તે સંસ્થાને જ ઓગસ્ટ-૨૦૨૦ ની અસરથી જીસીવીટીનું એફીલીએશન મળવાપાત્ર થશે.

વધુમાં ઓગસ્ટ-૨૦૨૦ નાં પ્રવેશ સત્રથી સરકારી / ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓની પ્રવેશ પ્રક્રીયાની જેમ સ્વનિર્ભર સંસ્થાઓમાં પણ **જીસીવીટી એફીલીએશન મેળવેલ ૦૧ વર્ષ કે તેથી વધુ સમયના તમામ વ્યવસાયોની એફીલીએટેડ બેઠકો માટે જ** તાલીમાર્થીઓના પ્રવેશની કામગિરી ઓગસ્ટ-૨૦૨૦ ના સત્રથી ઓનલાઇન https://itiadmission.gujarat.gov.in/ પોર્ટલ ઉપર કરવાની રહેશે.

નિયામક
રોજગાર અને તાલીમ
ગાંધીનગર